જામનગરનાં બાલા હનુમાન મંદિરે અખંડ રામધૂનના ૬ ૩માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે મહાઆરતી

જામનગરના બાલા હનુમાન સંકીર્તન મંદિર ખાતે પૂજ્ય શ્રી પ્રેમભિક્ષુજી મહારાજની પ્રેરણાથી શરૂ થયેલી અખંડ રામધૂનના ૬ ૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે મંદિર ખાતે વિશેષ મહાઆરતીનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા હતા. મંદિર પરિસર રામનામના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું અને ભાવિકોએ વિશ્વકલ્યાણ તથા સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

વિવિધ સ્થળે દરોડા દરમિયાન રૂા.૩ લાખ રોકડ રકમ કબજે

સૌરાષ્ટ્રમાં જુગાર દરોડાઃ પાંચ મહિલા અને એક કિન્નર સહિત ૩૬ પકડાયાં

રાજકોટ, તા. ૨, (પ્રતિનિધિઓ દ્વારા) શ્રાવણ માસ નજીક આવી રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્રમાં જુગારીઓ વધુ સક્રીય બન્યા છે. જુદા જુદા પોલીસ મથકની ટૂકડીઓએ ગોંડલના ચોરડી, ઉપલેટાના મેરવદર,કાલાવડના માટલી, જામનગરના ધરાર નગર, લાલપુર સહિતના ગામોમાં દરોડા પાડી પાંચ મહિલાઓ ,એક કિન્નર મળી ૩૬ આરોપીઓને રૂા.૩ લાખની રોકડ રકમ સાથે પકડી પાડી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન ભાયાવદરના મેરવદરમાં તેર શખ્સો નાસી જતાં પોલીસે પકડી પાડવા કામગીરી હાથ ધરી છે.

ગોંડલના ચોરડી, ઉપલેટાના મેરવદર, કાલાવડના માટલી, જામનગર, લાલપુર સહિતના ગામોમાં દરોડા, મેરવદરમાં ૧૩ શખ્સો નાસી છૂટ્યા

ગોંડલ તાલુકાના ચોરડી ગામની સીમમાં વિમલ સુરેશભાઈ હદવાણી ભાગમાં વાવવા રાખેલી જમીનના ગોઝીનમાં ચલાવતા જુગારના અખાડા પર એસસીબીએ દરોડો પાડી જુગાર રમતા વિમલ હદવાણી,હેમંગ મણવર, પ્રકાશ હદવાણી,ગોપાલ ખાચર,નિતિન હદવાણી,આંબાભાઈ માવલીયા, અને જેનિશ કાકરોડીયાને ઝડપી લઈ રોકડા ૧,૮૮,૦૦૦ મળીને કુલ રૂપિયા ૩,૭૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઉપલેટા તાલુકાના મેરવદર ગામની વાંદરી સીમમાં ઉપલેટા, હુતિયાણા, માંગરોળ, જામજોધપુર મળીચાર તાલુકાના શખ્સો ભેગા મળીને જાહેરમાં જુગારનો અખાડો ચલાવી રહ્યા હોવાની બાતમીના આધારે દરોડો પાડતા નાસભાગ મચી ગઈ હતી. અને અંધારાનો લાભ લઈ ૧૩ જેટલા જુગારીઓ નાસી ગયા હતા માત્ર પોલીસના હાથે ત્રણ શખ્સો જ પકડાયા હતા.જેમાં રમેશ ભાલસ, શ્યામ સગારકા, પૂંજા તરખાલા વિગેરેને બે કાર, બાઈક, બે મોબાઈલ, ૩૩ હજાર રોકડ સહિત કુલ રૂપિયા ૮.૭૪લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા .નાસી છૂટેલ તેર શખ્સોને ઝડપી પાડવા માટે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જામનગરના ધરારનગર વિસ્તારમાં જુગાર રમતા ઈમ્રાન ભારતીઈ મીનાદ, માનુર્ડવસ્મા જોઝેજ, ભારતીબેન નાંગણ, ચંદ્રાબા જેઠવા અને ઈરફાબા ફંયવા સહિત ૦ને ઝડપી લેવાયા હતા.જામજોધપુરના ગરિણી ગામની સીમમાં અશોકભાઈ આલોઝાની વાડીના ડ્યુંમાં દરોડો પાડી અખાડાના સંચાલક અશોકભાઈ ઉપરાંત રૂપેશભાઈ લાડાણી, મનોજભાઈ શાપરીયા, દીપકભાઈ કાલરીયા અને મહેન્દ્રભાઈ ડિંગરાજીયાને પકડી રૂા.વિસ્તાળીસ હજારની રોકડ, તથા અન્ય મુદ્દામાલ કબજે કર્યો છે. મોટી માટલી ગામના બસ સ્ટેન્ન નજીક જુગાર રમતા અનિલભાઈ પ્રેમજીભાઈ વાઘેલા સહિત આઠ શખ્સોને ત્યારે લાલપુર પોલીસે નાંદુરી ચોકડી નજીક જુગાર રમતા હરેશભાઈ માકડીયા, સહિત આઠેને ઝડપી લેવાયા હતા.

મોરબી જિલ્લામાં આંદોલનો વચ્ચે આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જેતપર, જીકીયાળી અને વાઘપર ગામમાં મત માંગવા આવવું નહિ, બેનરો લાગ્યા છે.

ખેડૂતોની વીજ લાઈન વળતર મુદ્દેની લડતમાં

જેતપર, જીકીયારી, વાઘપર ગામે ભાજપને પ્રવેશબંધીનાં બોર્ડ લાગ્યાં

મોરબી,તા.૨

વીજલાઈન વળતર મુદ્દે જેતપર ખાતે ગુજરાત ખેડૂત સત્યાગ્રહ છાવણીમાં ખેડૂતો પોણા બે માસથી હડતાલ ચલાવી રહ્યા છે છતાં સરકાર ખેડૂતોની માંગણી મુદ્દે મચક આપતી નથી. આથી, ખેડૂતોએ હવે પ્રવેશબંધીના બેનરો લગાવવાનું શરૂ કર્યું છે. જેતપર, જીકીયારી અને વાઘપર ગામમાં 'ભાજપના ઉમેદવારે મત માંગવા આવવું નહિ' તેવા બેનરો લગાવી દેવામાં આવ્યા છે.

અગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારે મત માંગવા આવવું નહીં-તેવા બેનરો ગામલોકોએ લગાડ્યા

મોરબીના જેતપર ગામના ગેટ પર બેનર લગાવું છે. જેમાં લખવામાં આવ્યું છે કે, આગામી ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પક્ષે જેતપર ગામે મત માંગવા આવવું નહીં અને બેનરમાં નીચે જેતપર ગામ સમસ્ત લખવામાં આવ્યું છે.

તે ઉપરાંત વાઘપર ગામ સમસ્ત દ્વારા પણ આવું બેનર બનાવું છે, જેમાં પણ આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પક્ષે વાઘપર ગામે મત માંગવા આવવું નહિ તેમજણાવી દેવાયું છે. તો જીકીયારી ગામમાં પણ ભાજપ નેતાના બહિષ્કારના બેનરો લગી ગયા છે. હાલ ત્રણ ગામોએ પ્રવેશબંધીની જાહેરાત કરી દીધી છે. તેમજ આગામી દિવસોમાં અન્ય ગામોમાં પણ વિરોધના બેનરો લાગે તો નવાઈ નહીં.

લોકોની સલામતી તેમજ સુલેહ શાંતિ જાળવવા

દ્વારકા જિલ્લાના ૨૧ ટાપુઓ પર પૂર્વ મંજૂરી વિના પ્રવેશ પ્રતિબંધિત

જામ ખંભાળિયા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૪ ટાપુઓમાંથી ૨૨ ટાપુઓ માનવ વસાહત સહિત છે, જે પૈકી નરારા ટાપુ સિવાયના ૨૧ ટાપુઓ પર પૂર્વ મંજૂરી વગર પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

નરારા ટાપુ માટે શરતોને આધિન લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ, ૨૧ સપ્ટેમ્બર સુધી જાહેરનામું અમલી

આ ટાપુઓ પર આવેલા વિવિધ ધાર્મિક સ્થળો પર દર્શનાર્થે આવતા શ્રધ્ધાળુઓ સાથે ભળી જઈ રાષ્ટ્રવિરોધી, દાણચોરી જેવી ગેરકાયદે અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા શખ્સો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હાજિયાર કે નમાકારક પદાર્થો છુપાવે તેવી શકયતાના કારણે ધાની ઉર્ફે ડની ટાપુ, ગાંધીથોકડો, કાલુભાર, રોઝી, પાનેરો, ગુ(ગારૂ), સાનબેલી (શિયાળી), ખીમરોથાટ, આશાબાપીર, બેલેર, ચાંક, ધબધબો (દબદબો), દીવડી, સામીયાણી, નોરૂ, માન મડૂલી, લેકા મડૂલી, લંધા મડૂલી, કોઠાનું જંગલ તથા ખારા મીઠા ચુષ્ણા અને કુડવલી મળી કુલ ૨૧ ટાપુઓ પર પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યોછે. આ જાહેરનામું ૨૧ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગેસ લાઈનના વિરોધમાં ચાલી રહેલા વિરોધમાં બાળકો પણ જોડાયા હતા (તસવીરઃ કુંજન રાડિયા)

જામનગરના નગર સીમ વિસ્તારનાં રહેણાકમાં

વીજચોરીના કેસમાં મહિલાને ૪ વર્ષની સજા, ૩.૭૫ લાખ દંડ

જામનગર, તા.૨

જામનગરના નગર સીમ વિસ્તારમાં એક જ મકાનમાં વીજ ચેકીંગ વખતે બે વખત વીજ ચોરી ઝડપાઈ હતી, જે કેસમાં આરોપી મહિલાને ચાર વર્ષની સજા અને રૂા.પોણા ચાર લાખનુ દંડનો સ્પે.કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

સ્પે. કોર્ટમાં સરકાર દ્વારા કુલ ૭ સાક્ષી અને ૧૭ દસ્તાવેજી પુરાવાઓ તપાસી હુકમ કરાયો

૨૦૨૨ની સાલમાં વીજ ચેકીંગ દરમિયાન દ્વારકેશ-પાંચ પાલેના રહેણાંકમાં નીતાબેન દેવશીભાઈ જાદવની હાજરીમાં વીજ જોડાણ ચેક કરતાં તે બીનઅધિકૃત રીતે ડાયરેક્ટ પાવરચોરી કરતા હોવાનું જણાયું હતું, જેથી નાયબ ઈજનેરે તેના વિરૂધ્ધ જીવુભીનગરનેલ પો. સે.મા.ફા. ૬૩,૦૦૮ તથા બીજા કેસમાં રૂા. ૬૦,૯૧૫ની વીજચોરી અંગે રૂરીયાદ દાખલ કરી હતી.

ત્યારબાદસ્પે. કોર્ટમાંબંનેકેસોચાલતા સરકારદ્વારારૂા.૦સાક્ષી અને ૧૭દસ્તાવેજ

જામનગરમાં ૧૫૪ આવાસો માટે ફરી અરજીઓ મંગાવાઈ

જામનગર, તા.૨

જામનગર મનપાની સ્કમ હાઉસિંગ યોજના દ્વારા શહેરની વિવિધ આવાસ યોજનાઓમાં તૈયાર પડેલા કુલ ૧૫૪ રેડી પઝેશન ફલેટનાં વેચાણ માટે ફરી એક વાર અરજીઓ મંગાવવામાં આવી રહી છે. ઈચ્છુક નાગરિકો માટે એક ઓનસ્ટ્રીમ ૩૦ સપ્ટેમ્બર સુધી જ્યોર્ગ પાર્ક સામે આવેલી નિર્ધારિત બેન્ક શાખામાંથી અરજીપત્રકનું વિતરણ અને સ્વિકારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

દારૂ પી ડિંગલ મચાવતા પતિ સામે પત્નીએ ફરિયાદ નોંધાવી

જામનગર, તા.૨

શહેરના ગલ્વતનગર રોડ નં. ૬, આરય બિલ્ડિંગ પાછળ દારૂના નશામાં ધરમાં તોફાન મચાવતા નરસી ચાવડાની પત્ની શાંતાબાએ ૧૧૨ ઈમરજન્સી સેવામાં કોલ કરતાં પોલીસ મથકે શ્રીમતી પોલીસ સ્ટેશન લઈ જઈ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી છે.

વીરપુરના જેતપુર રોડ પર પ્રવેશદ્વારનું ખાતમુહુર્ત

વીરપુર, તા.૨

વીરપુરના જેતપુર રોડ પર આકાર ટેનાર આ 'સ્વ. વેલજીભાઈ સરવૈયા પ્રવેશદ્વાર'નું જેતપુરના શરાફબ્યના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ખાતમુહુર્ત (ભૂમિ પૂજન) કરવામાં આવ્યું હતું. આ તકે સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પાંચેક વર્ષ પૂર્વના ઝઘડાનો ભાર રાખી યુવાન પર પાઈપથી હુમલો

મોરબી, તા.૨

શહેરના વાવડી રોડ, સુમતિનાથ સોસાયટીમાં રહેતા હરેશભાઈ જેલાભાઈ દેવસુર નામના ૨૮ વર્ષીય યુવકને સલીમ, બાબુ સંધી અને મકબુલ સંધીએ પાંચ-છ વર્ષ પહેલાના ઝઘડાનો ખાર રાખી લોખંડના ધણ અને પાઈપથી મારા મારી કેફયર જેવી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદના આધારે એ. ડિવિ. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાવરકુંડલાની શાળાની ટીમ બેડબોલમાં ઝળકી

સાવરકુંડલામાં નૂતન કેળવણી મંડળ સંચાલિત કે.કે. હાઈસ્કુલની અંડર-૧૯ બેડબોલ ટીમ જિલ્લાકક્ષાની બેડબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને રનર્સ-અપ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિમા આથરે ટીમ બને રાજ્યકક્ષાની બેડબોલ સ્પર્ધામાં શાળાના ૫ ખેલાડીઓ મકવાણા દેવાંગ, ગોહિલ અર્જુન, જાદવ વિવેક, પરમાર સ્મિત અને ચોટાલિયા આયુષ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

દ્વારકા જિલ્લાના ૨૯ ગામોના ખેડૂતોનો કંપની સામે મોરચો

ગેસની પાઈપ લાઈન બાબતે બાળકોનો સૂત્રોચ્ચાર, વિવિધ બેનર સાથે વિરોધ

જામ ખંભાળિયા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા ગ્રામ વિસ્તારોમાં હાલ ખાનગી કંપની દ્વારા ગેસની પાઈપ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. જેનો ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજરોજ આ વિરોધ પ્રદર્શનમાં બાળકો પણ જોડાયા હતા.

ખેડૂતોની એક જ માગ-ઉચ્ચતમ વળતર સિવાય પાઈપલાઈન નહીં

દેવભૂમિ દ્વારકા જિલ્લાના આસરે ૨૮ જેટલા ગામોમાંથી પસાર થતી જ્ઞબ્ગેસપીએલ કંપનીની વિરોધ કરીને ગામોની પાઈપ લાઈન નાખવા સંદર્ભે ખેડૂતો દ્વારા છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાંખેડૂતો ખેતરોમાંછાવણી નાખીને વિરોધ દર્શાવી રહ્યા છે. આટલું જ નહીં, તાજેતરમાં સંબંધિત તંત્ર તેઓની માંગ સંદર્ભેનું આવેદન પણ આપવામાં આવ્યું હતું. આ ત્રણે આજરોજ રવિવારે શાળામાં રજા હોવાથી આ વિસ્તારના બાળકો પણ આંદોલનમાં જોડાયા હતા.

અહીં બાળકોએ ગેસ પાઈપ લાઈન અને વીજ લાઈન કંપનીઓનો વિરોધ પ્રદર્શિત કરતા સ્લોગન સાથે વિરોધ નોંધાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અહીં ખેડૂતોએ માગણી કરી છે કે અમારી જમીનની કિંમત, પાકની આવકો, તેમજ બોક્સાઈટયુક્ત જમીન હોવાથી ઉચ્ચતમ વળતર ચૂકવવાની માગણી છે. ખેડૂતો કહે છે કે આ બાબતનો પ્રથમ સર્વે કર્યા બાદ રકમ ચૂકવ્યા પછી જ અમારા ખેતરોમાં પાઈપ લાઈન નાખવા દેવામાં આવશે.

રૂા.૪૫ કરોડના ખર્ચે અમૃત-૨ યોજના, પણ કામ અપૂર્ણ

રાજુલા પંથકના ૬૧ ગામો માટે શુદ્ધ પાણીની યોજના ૨૭ માસે'ય અધૂરી

રાજુલા,તા. ૨

રાજુલા શહેર સહિત ૬૧ ગામોને નિયમિત અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાના હેતુથી અમૃત-૨ યોજના હેઠળ અંદાજે રૂા.૪૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાની યોજના મંજૂર કરવામાં આવી હતી. પરંતુ યોજનાને શરૂ થયાને ૨૭ માસનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં આજે પણ કામગીરી પૂર્ણ થઈ નથી. લોકો શુદ્ધ પાણી માટે લાંબા સમયથી પ્રતીક્ષા કરી રહ્યા છે.

અનેક ગામો શુદ્ધ પાણી મળે એની ચાતક નજરે પ્રતીક્ષા કરી રહ્યા છે પરંતુ ગોકળગાય ગતિના કામથી નિરાશા

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ રજૂઆત કરી જણાવ્યું હતું કે, રાજુલા તાલુકાના ૩૦ ગામોને હિલ્ટર કરેલા પાણીના વિતરણ માટે સરાવ બે વર્ષ પહેલા પાણી પુરવઠા બોર્ડ દ્વારા વર્ક ઓર્ડર આપી દેવાયો છે. આમ છતાં આ ગામોને આજ સુધી શુદ્ધ પાણી મળ્યું નથી. વિકટર હોવર્ક ખાતે પંપ હાઉસના નિર્માણ માટેની કામગીરી આજ સુધી ચાલુ કરાઈ જ નથી. ડ્રગરમાં પંપ હાઉસ હિટરનો સમ્પ અને બૂસ્ટિંગ પમ્પ હાઉસની જગ્યા આજ સુધી કામ કરવા સીપાઈ નથી. માંડરડી, બાલાપર અને મઝુન્દ્રા ગામ તરફ જતી પાઈપલાઈન ખેડૂતોએ અટકાવી લતી જેનું આજ સુધી નિરાકરણ થયું નથી. કડિયાળીથી રાજુલા શહેર તરફ જતી ૫૦૦ મી.મી.વ્યાસની મેઈન લાઈનની મંજૂરી નગરપાલિકા પાસેથી મેળવાઈ નથી. રૂા.૪૫ કરોડ જેવી મહત્વપૂર્ણ પાણી પુરવઠા યોજના આજે પણ અધૂરી રહેવી એ વહીવટી બેદરકારી અને વહીવટી તંત્રની નિષ્ફળતાનું ઉદાહરણ છે.

સમાચારો ટૂંકામાં

ખંભાળિયામાં આજે સેવા કેન્દ્રનું લોકર્પણ અને રકતદાન કેમ્પ

જામ ખંભાળિયા, તા.૨

શહેરના સલાયા રોડ પર સરકારી સિવિલિલ હોસ્પિટલ સામે 'પ્રાર્થના કાઉન્ટેન' દ્વારા સવારે ૧૦ વાગ્યે નવા સેવા કેન્દ્રનું લોકાર્પણ કરવામાંઆવશે. આ અવસરે કાઉન્ટેનનાં નેત્ર હેલ્થ મેગા રકતદાન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

સરકારી રેકોર્ડમાં ખંભાળિયાને જામ ખંભાળિયા તરીકે દર્શાવવા રજૂઆત

જામ ખંભાળિયા, તા.૨

દ્વારકા જિલ્લાનાં મુખ્ય મથક જામ ખંભાળિયા શહેરને થણાં સમયથી જુદા-જુદા સરકારી રેકોર્ડ પર ખંભાળિયા તરીકે દર્શાવવામાંઆવી રહ્યું છે. પાલિકાનાંજનરલ બોર્ડમાં તાજેતરમાં થયેલા ઠરાવ અનુસાર શહેરને 'જામ ખંભાળિયા' તરીકે ઉલ્લેખ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તમામ સરકારી રેકોર્ડ, વેબસાઈટ, બીલ તથા શહેરી દસ્તાવેજોમાં પણ આ ફેરફાર કરવા સાંસદ, ધારાસભ્ય સહિતનાને યુવરાજસિંહ વાઢેર દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે.

લગ્નની લાલચ આપી આઠ માસ સુધી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ

જામનગર, તા.૨

શહેરની એક યુવતીને લગ્નની લાલચ આપી રામેશ્વરનગર વિસ્તારમાં રહેતા યશરાજસિંહ પૃથ્વીસિંહ સોઢા નામના શખ્સે પોતાના ઘરે તેમજ એક સરકારી આવાસ પાછળની અવાવરૂ જગ્યાએ લઈ જઈ સતત આઠ મહિના સુધી દુષ્કર્મ આચરી બાદમાં લગ્ન કરવાની ના પાડી દેતા યુવતીની ફરિયાદના આધારે સિટી સી ડિવિઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી તેની પરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બગસરાના મફતપરા વિસ્તારમાં ત્રણ સિંહોએ મારણ કરતા ભય

બગસરા, તા.૨

બગસરાના મફતપરા વિસ્તારમાં રાત્રિ દરમિયાન એક સાથે ત્રણ સિંહ દ્વારા ગાયનું મારણ કરી મીજબાની માણી હતી. શહેરના આ વિસ્તારમાં સિંહ થોડા સમય પહેલાં પણ મારણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આજે ફરી એક વખત ગાયનું મારણ કરતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

કારખાનાના ધુવામાં ડૂબી જતાં પરપ્રાંતિય યુવાનનું મોત

મોરબી, તા.૨

કાલિકાનગર ગામની સીમા માર્ગન સ્લોન માર્કોફીની લેબર કોલોનીમાં રહેતા મૂળ એમ.પી.નાં આદર્શ મહેશભાઈ વર્મા નામના યુવાનનું કોઈ કારણોસર કારખાનામાં આવેલા પાણી ભરેલા ધુવામાં પડી જતાં મોત નિપજ્યું હતું.

બગસરામાં શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ કર્મચારીઓનું સન્માન

બગસરા, તા.૨

શહેરના પોલીસ મથકમાં ૬૨જી જાજરવતા બે.એસ.આઈ. બગવાન ભીલ, પી.ડી. કલસરિયા તેમજ ઉમેદ મહેતા, રવિદાન ગઢવી, કપિલ તરસમિયા, સેજલબેન ગોંડલીયા, કૈલાશબેન આદરોજાનું શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પ્રમાણપત્ર આપી જિલ્લા એ.એસ.પી.દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ઈ-હરાજીની તારીખ અને સમય
તારીખ : ૨૫.૦૮.૨૦૨૬
સમય : બપોરે ૦૨.૦૦ થી ૦૭.૦૦

ઈ-હરાજી વેચાણ નોટીસ

ROSARB : પહેલો માળ, બીઓબી બિલ્ડીંગ, એમ.જી. રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧
E-mail : SARRAJ@bankofbaroda.bank.in
સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (રૂલ ૮(૬)ની જોગવાઈ સાથે વાંચતાં નિયમ ૬ (૨) અને ૮ (૬) ના પરંતુક હેઠળ મોકૂફ રાખવામાં આવેલ ઈ-હરાજી/વેચાણ જાહેરનામું વેચાણ

બેંક ઑફ બરોડા Bank of Baroda

અત્રની નીચે જણાવેલી સામાન્ય રીતે અને જણાવેલી (ઓ), મોર્ગેજર (ઓ) અને જામીનદાર (ઓ)ને બાકી રકમની નોટિસ આપવી જણાવાયાનું છે જેઓ મોર્ગેજર સેવાયર/ જપ્ત મિલકતો જે બેંક ઓફ બરોડાના મોર્ગેજ / ચાર્જ કરેલી છે અને તેઓ સીકયુર્ડ રેકોર્ડ તરીકે બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી દ્વારા કબજો લેવાની ઇચ્છા ધરાવે છે જેને નીચે દર્શાવેલ મિલકત/ઓની ખરીદી ઈ-હરાજી નોટીસની વસ્તુતા માટે "જ્યાં છે ત્યાં છે", "જેમ છે તેમ છે" અને "જે છે તે છે તે" ઈ-હરાજીથી વેચાણ કરવી. ખાતાદારોનું / જામીનદારોનું / મોર્ગેજરો / સંપત્તિઓનું / બાકી લોનાં / અનામત કિંમત/ ઈ-હરાજી તારીખ અને સમય, ઈ.એમ.ડી. તથા લીડ વધારાની રકમ નીચે મુજબ છે.

મિલકતોની નિરીક્ષણની તારીખ અને સમય : ૨૦.૦૮.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી બપોરે ૩:૦૦ સુધી

લા/ લી.નં.	શાખાનું નામ અને ઉધારકર્તા/ઓ, જામીનદાર/ઓ અને મોર્ગેજર/ઓના નામ અને સરનામાં	સ્થાવર/ જંગમ મિલકતોની ટૂંકમાં માહિતી	રિઝર્વ નોટીસની તારીખ અને બાકી લોન	અનામત કિંમત, ઈ.એમ.ડી. (રૂ.માં) અને લીડ વધારાની રકમ	ઈ-હરાજીની પ્રકાર (ઓફલાઈન/ઓનલાઈન)
૧	ROSARB, રાજકોટ મે. ડી. એસ. ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી), શ્રી અરવિંદ ચનાભાઈ રાઠોડ (ભાગીદાર), શ્રી ધોલભાઈ કરિયાભાઈ ચિખોડા (ભાગીદાર અને જામીનદાર), શ્રી મનોજભાઈ કરિયાભાઈ ચિખોડા (જામીનદાર), શ્રી કિરીટભાઈ કરિયાભાઈ ચિખોડા (જામીનદાર)	બધા ભાગ અને અંશ સહિતનો સમાવેશ ધરાવતા દક્ષિણ-પશ્ચિમ બાજુના મુજાવાળો ઔદ્યોગિક શેડ ૨ જેની જમીનનો વિસ્તાર ૨૭૪૪ ચો.મી. , અને બાંધકામ ૭૭૬ ચો.મી. , જેમાં ૩ પેઢી, પ્લોટ નં. ૯, રેવન્યુ સર્વે નં. ૩૨ પૈકી, ગામ વાવડી, તા. અને જી. રાજકોટ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત છે. જે શ્રી મનીષભાઈ કરિયાભાઈ ચિખોડા, શ્રી કિરીટભાઈ કરિયાભાઈ ચિખોડા અને શ્રી ધોલભાઈ કરિયાભાઈ ચિખોડા ના નામની છે.	તા. ૨૧.૦૭.૨૦૨૬ રૂા. ૪૮,૨૫,૦૦૦.૦૦ + નહીં લાગુ પડેલ વ્યાજ + અન્ય ચાર્જીસ - ટીકવી	અનામત કિંમત : ૧૬,૫૫,૦૦૦ ઈ.એમ.ડી. : ૧,૬૫,૫૦૦ બીડ વધારાની રકમ : રૂા. ૫૫,૦૦૦	પ્રત્યક્ષ/ ઓફલાઈન શેડ
૨	ROSARB, રાજકોટ મે. શ્રી મોર્ગિકા એન્ટરપ્રાઈઝ, શ્રી મનીષભાઈ જયસુખભાઈ રાઠોડ (પ્રોપ્રાઈટર અને જામીનદાર)	સ્થાયમ ઔદ્યોગિક મિલકત : જે પ્લોટ નં. ૭ની જમીન જેનો વિસ્તાર ૫૮૩-૨૦ ફો. ની, બાંધકામ ૬૦૯-૫૧ ફો. ચારેય, "અલ ઇન્ડસ્ટ્રીઝ ઝોન (ભાગ-એ)" તરીકે ઓળખાતી વિકાસ, રેવન્યુ સર્વે નં. ૧૩૧૫ (જુના સર્વે નં. ૪૮૪/ ૧ પૈકી ૩૮), ગામ ખરડોઈ, તા. લોઠા અને જી. રાજકોટ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત છે. જે શ્રી મનીષભાઈ જયસુખભાઈરાઠોડ ના નામની છે.	તા. ૨૫.૦૯.૨૦૨૫ રૂા. ૪૮,૨૫,૦૦૦.૦૦ + નહીં લાગુ પડેલ વ્યાજ + અન્ય ચાર્જીસ - ટીકવી	અનામત કિંમત : ૧૬,૨૩,૦૦૦ ઈ.એમ.ડી. : ૧,૬૨,૩૦૦ બીડ વધારાની રકમ : ૧,૦૦,૦૦૦	પ્રત્યક્ષ/ ઓફલાઈન જમીન અને બિલ્ડીંગ
૩	ROSARB, રાજકોટ મે. વિન ઈન્ડસ્ટ્રીઝ (પ્રોપ્રાઈટરશીપ ફર્મ), શ્રીમતી શ્રી અરવિંદ રાઠોડ (પ્રોપ્રાઈટર અને જામીનદાર)	ઔદ્યોગિક મિલકત : જે પ્લોટ નં. ૯ અને સબ પ્લોટ નં. ૯/૧૨૪/ ૩, પ્લોટ નં. ૯ ની ૧૨૪.૦૪ ફો.ની, બિલ્ટઅપ જમીન ઉપર બંધાયેલ છે તે "આઈટી ઇન્ડસ્ટ્રીઝ પાર્ક" તરીકે ઓળખાતો વિકાસ, ટે.ન. નં. ૮૧ (જુનો ટે.ન. નં. ૮૫૬ પૈકી ૨૨) અને બાજોઠ અને સિંહાર, ગામ સાખબળ, તા. લોઠિયા, જી. રાજકોટ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત છે. જે શ્રી નીરૂ અરવિંદ રાઠોડ ના નામની છે.	તા. ૦૩.૦૮.૨૦૨૫ રૂા. ૮૩,૮૯,૮૩૫.૮૮ + નહીં લાગુ પડેલ વ્યાજ + અન્ય ચાર્જીસ - ટીકવી	અનામત કિંમત : ૨૦,૨૫,૦૦૦ ઈ.એમ.ડી. : ૨,૦૨,૫૦૦ બીડ વધારાની રકમ : રૂા. ૨૦,૦૦૦	પ્રત્યક્ષ/ ઓફલાઈન મિલકત
૪	ROSARB, રાજકોટ શ્રી રોનક મહેશભાઈ ઈલાદીયા (ઉધારકર્તા) અને શ્રીમતી હીનાબેન રોનક ઈલાદીયા (સહ-ઉધારકર્તા)	રહેણાંક ફ્લેટ નં. ૧૦૪ : જેનો વિસ્તારફળ ચોરીયા ૮૮-૬૭ ફો.ની, ક્રાઈ ક્રિમા-૩૬ તરીકે ઓળખાતી બિલ્ડીંગનો ત્રીજા માળે, સીટી સર્વે વોર્ડ નં. ૯ની ૧૦૬-૦૬ ફો.ની અવાર જવાર વિસ્તાર ધરાવતા સીટી નં. ૧૮૨, સીટી સર્વે નં. ૧૩૫ પૈકી, સદ્ભાવિકા સોસી નં. ૬-એ તરીકે ઓળખાતી વિસ્તાર, રાજકોટ શહેર, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત છે. જે શ્રીમતી હિનાબેન રોનકભાઈ ઈલાદીયા અને શ્રી રોનક મહેશભાઈ ઈલાદીયા ના નામની છે.	તા. ૧૨.૦૮.૨૦૨૫ રૂા. ૨૦,૩૬,૧૦૧.૦૦ + નહીં લાગુ પડેલ વ્યાજ + અન્ય ચાર્જીસ - ટીકવી	અનામત કિંમત : ૧૨,૯૧,૭૦૦ ઈ.એમ.ડી. : ૧,૨૯,૧૭૦ બીડ વધારાની રકમ : ૧૦,૦૦૦	પ્રત્યક્ષ/ રહેણાંક ફ્લેટ
૫	ROSARB, રાજકોટ શ્રી જયેશ દિલીપ ચેલાણી (ઉધારકર્તા) અને શ્રી નીરૂબેન જયેશભાઈ ચેલાણી (સહ-ઉધારકર્તા) અને શ્રી નીરૂબેન બોપલાભાઈ ચેલાણી (સહ-ઉધારકર્તા)	રહેણાંક મકાન : જે પ્લોટ નં. ૨૦ બી ૧૦૬-૦૦ ફો.ની,બી ક્રાઈમ ક્રિ સંક